**CC No.23964/2025**

## આંક–૦૧ તળે હુકમ

હાલનો કેસ પોલીસ દ્વારા નોન કોગ્નિઝેબલ ગુન્હાની ખાનગી ફરીયાદ રજુ કરતા ધ્યાને લેવામાં આવેલ છે. ગુન્હાની હકીકત તથા ફરીયાદમાં દર્શાવેલ બનાવની તારીખ ધ્યાનમાં લેતાં બી.એન.એસ.એસ ની કલમ ૫૧૪ ની વિગતે કોગ્નિઝન્સ લેવા માટે સાંભળવા માટે મુલત્વી. કેસનું રેકર્ડ રહે તે માટે ફોજદારી કેસ રજીસ્ટરે લેવો.

હુકમ આજ રોજ તા. ૨૭ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.

**તા. ૨૭–૦૨ –૨૦૨૫**
સ્થળઃ વડોદરા.

**(વિપુલ નાગરભાઈ પટેલ)**
૧૬ માં એડી જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ
જજ કોડ: જી.જે. ૦૧૭૬૬.

## આંક–૦૧ તળે હુકમ

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. ઉપરોક્ત વિગતેનો ફર્સ્ટ ઓર્ડર ધ્યાનમાં લીધો. હાલની ફરીયાદ પોલીસ દ્વારા એમ.વી.એકટ ગુન્હા અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઇ ધ્યાનમાં લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં બી.એન.એસ.એસ.ની કલમ ૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઇ કારણ કે ખુલાસો નથી, આ સંજોગોમાં અત્રેની કોર્ટ દ્વારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઈ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહીં. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. સબબ ફરીયાદ પક્ષે સાંભળ્યા, હાલનો કેસ બી.એન.એસ.એસ ની કલમ ૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, આજ રોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં કેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૮ મી,માહે માર્ચ સને ૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.

**તા. ૦૮–૦૩–૨૦૨૫**
સ્થળઃ વડોદરા.

**(વિપુલ નાગરભાઈ પટેલ)**
૧૬ માં એડી જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ
જજ કોડ: જી.જે. ૦૧૭૬૬.